# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

**સંશોધન અધિકારી, વર્ગ-૧ની જગ્યા માટે અરજીપત્રકો મોકલી આપવા બાબત**

**(જાહેરાત ક્રમાંક : ૭૭/૨૦૧૮-૧૯)**

**સંશોધન અધિકારી, વર્ગ-૧, જાહેરાત ક્રમાંક : ૭૭/૨૦૧૮-૧૯, કુલ જગ્યા ૦૪** પર ભરતી કરવા માટે આયોગ દ્વારા **તારીખ-૧૫/૦૯/૨૦૧૮**ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

ઉક્ત જાહેરાત અન્વયે આયોગે પ્રાથમિક કસોટી યોજાતા પૂર્વે ઉમેદવારો પાસેથી ઑનલાઈન કન્ફર્મ થયેલ અરજીપત્રક અને જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રોની નકલ તા: ૨૬/૧૧/૨૦૧૮ સુધીમાં આયોગ ભવન ખાતે મળી જાય તે રીતે મંગાવવાનો નિર્ણય કરેલ છે. જેના અનુસંધાને ઉમેદવારોને અલગથી પત્ર પણ લખવામાં આવેલ છે. ઑનલાઈન કન્ફર્મ થયેલ ઉમેદવારોએ પોતાના કન્ફર્મ થયેલ અરજીપત્રકની નકલ, પત્રમાં દર્શાવ્યા મુજબના દસ્તાવેજો/પ્રમાણપત્રો પૈકી લાગુ પડતા દસ્તાવેજો/પ્રમાણપત્રોની નકલ **તા: ૨૬/૧૧/૨૦૧૮ સુધીમાં ગુજરાત જાહેર સેવા આયોગ ભવન ખાતે મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.** ઑનલાઈન અરજીપત્રકની નકલ સિવાય માત્ર જરૂરી દસ્તાવેજો મોકલી આપવામાં આવશે તો તે અરજી ધ્યાને લેવામાં આવશે નહિ, તેની ખાસ નોંધ લેશો.

જો આપની પાસે ઑનલાઈન કન્ફર્મ થયેલ અરજીપત્રક ન હોય તો આયોગ ભવન ખાતે રૂબરૂ આવી રોકડા રૂ. ૩૦૦/- ભરી ઑનલાઈન કન્ફર્મ થયેલ અરજીપત્રક મેળવી લેશો.

તા: ૧૩/૧૧/૨૦૧૮